સ્ત્રીપુરૂષના સમાન હક.

(સુધારાવાળા અને પ્રિયંવદા-સુદર્શન)

લખનાર ૪૬૭૦

જીજ્ઞાસુ.

અમદાવાદ—આર્યોદય પ્રેસ.

પ્રસ્તાવના.

આ નિબંધ મારા એક મિત્ર જે મુંબાઈની યુનિવર્સિટીના ગ્રેડ્યુએટ છે તેમણે લખેલો છે. ગઈ સાલના જુલાઈ માસના 'પ્રિયંવદા' (હાલ 'સુદર્શન') માં 'પ્રોફેસર જુન્સિવાળા' એ મથાળાના લખાણમાં સ્ત્રીપુરૂષનાં પરસ્પર કર્તવ્ય અને હક કેવાં હોવાં જોઈયે અને સુધારાવાળા કેવાં માગે છે તે પર વિવેચન કરેલું હતું. તે વાંચી આ નિબંધ લખનારના મનમાં કેટલીક શંકાઓ ઉત્પન્ન થઈ: સુધારાવાળાઓને આરોપેલી માગણીમાં કંઇક કલ્પનાના અંશ લાગ્યા, અને 'જેમ હાલ એ બાબતનો છેવટ નિર્ણય છે તેમ બધું બરાબરજ છે' એવા 'પ્રિયંવદા' માં લખનારના મતમાં કાંઇક નહિ સ્વીકારાય એવા અંશ જણાયા. આથી એ લખાણના મતની પરીક્ષા કરવાની ઇચ્છા થઈ. 'પ્રિયંવદા' માં લખનારે જે જે મત સ્વીકાર્યા છે તેનાં શાં શાં પરિણામ નિકળે, તે પરિણામ તે લખનારને કે બીજા વિચારવંત જનોને સ્વીકારવા યોગ્ય થાય કે નહિ, સુધારાવાળાના મતનું વિવેચન કરવાની એ લખનારની તર્કરીતિ જ ખરી છે કે નહિ, હાલના હિંદુ સંસારનો બચાવ જે પદ્ધતિયે કર્યો છે તેથી બચાવ થાય છે કે પ્રતિકૂલ અનુમાન નિકળે છે, 'હાલ એ બાબતનો છેવટ નિર્ણય છે તેમ બધું બરાબર જ છે,' અને 'મૂળ શાસ્ત્રોક્ત લગ્ન સ્વરૂપમાં કશો ફેરફાર કરવાની જરૂર નથી' એ બે મત એકી વખતે સ્વીકારાય કે નહિ, કે તેમાંથી એકે સ્વીકારાય કે નહિ: આ ચર્ચા સત્ય શોધવા ખાતર કરવી યોગ્ય લાગી. આ નિબંધ લખનારે એ વિશે બહુ બહુ વાર ઘણા ઘણા વિચારો કર્યા છે, તેના મનમાં ઘણી ઉથલપાથલ થઈ છે, પોતામાં ક્યાં ક્યાં ભૂલ છે તે શોધવા તેણે બહુ પ્રયત્ન કર્યો છે. આ નિબંધ પ્રસિદ્ધ કરવામાં થયેલા આટલા બધા વિલંબનું આ એક મુખ્ય કારણ છે. નિષ્પક્ષપાત રીતે વિચાર કરી અમુક મતનાં શંકાદ્વારા જણાવેલાં પરિણામ અને નમ્ર શોધક વૃત્તિયે જણાવેલા વિચાર ખરા છે કે નહિ તે 'પ્રિયંવદા'માં લખનાર કે બીજા વિચારવંત જનો જણાવશે, પૂછેલા પ્રશ્નના ઉત્તર મળશે એ જીજ્ઞાસુ વૃત્તિથી જ આ નિબંધ પ્રસિદ્ધ કર્યો છે. ભૂલ હોય તે કબુલ કરવા તત્પર હોઇ સત્ય જણાય તે સ્વીકારવું એ આ લખનારની ઇચ્છા છે. તેને આશા છે કે સુજ્ઞ જનો ઉદાર વૃત્તિથી આ અલ્પ પ્રયાસ પર દૃષ્ટિ કરશે. 'પ્રિયંવદા'માં લખાયલા વિચારો ઘણા ખરા ચાલુ જમાનાના માણસો માને છે અને 'પ્રિયંવદા'માં લખનાર તે જ મતના એક સમર્થ પ્રકાશક છે; માટે, આ નિબંધથી તે મતવાળાઓ પોતાનો પક્ષ વધારે સ્પષ્ટ રીતે સમજાવશે અથવા ફરીથી વિચારી જોશે તે આ લખનાર સંતોષ માનશે. એક ચાલતા મત તરીકે તેની જે તપાસ કરવામાં આવી છે તે બહુ મોડી થઈ નહિ ગણાય એવી તે આશા રાખે છે.

મારા મિત્રના આ નિબંધમાં ઉંડું તત્ત્વચિંતન થયેલું જોઇ તે પ્રસિદ્ધ કરવાનો મેં વિશેષ આગ્રહ કર્યો છે. સંસાર સુધારાની ચર્ચામાં વિચાર અ અભિપ્રાયની સત્યતા તપાસવી અને આધાર અને પ્રમાણ શોધી તેમને લાગુ પાડવાં એ પદ્ધતિ સાધારણ રીતે ચાલે છે. આ નિબંધ

કંઈક જુદી પદ્ધતિ છે. જે રીતે અમુક જાતના વિચાર બાંધવામાં આવે છે તે રીત ખરી છે કે નહિ, તે રીતે તર્કમાં અગાડી વધતાં એ વિચારથી વિરૂદ્ધ પરિણામ આવે છે કે નહિ, અમુક વિચારણામાં આધારનો આશ્રય લેવાથી કંઇ લાભ છે કે નહિ: આવો તર્કનું મૂલ તપાસનારો માર્ગ કદાચ અપરિચિત લાગશે, પણ તત્ત્વચિંતકને તે સત્ય જણાયા વિના નહિ રહે.

સંસાર સુધારાની ચર્ચામાં મહત્ત્વ પામેલા એક પક્ષપર આ નિબંધમાં કંઇ લક્ષ દેવામાં આવ્યું નથી. શાસ્ત્રમાં ગૃહસંસારનું કેવું સ્વરૂપ બાંધ્યું છે, શાસ્ત્રનો આધાર કઇ તરફ છે એ શોધવાનો કે શોધતાં જે જડે તેની યોગ્યતા તપાસવાનો પ્રયત્ન અહીં કર્યો નથી. આનું કારણ એ છે કે મનુષ્યને કર્ત્તવ્યનું જ્ઞાન આપનાર ભાવ, અને કૃત્યમાં પ્રવૃત્ત કરનાર વૃત્તિ એ બેની પરીક્ષાવડે જનસ્થિતિની યોગ્યાયોગ્યતા તપાસતાં અમુક સમયે રચાયલા અમુક ગ્રંથમાં શું જણાવ્યું છે તે નિરૂપણ પ્રસ્તુત થતું નથી. જે લખનારના મતની આ નિબંધમાં પરીક્ષા છે તેણે હૃદયવ્યાપારની તપાસ સાથે શાસ્ત્રનિરૂપણ પણ સામીલ રાખવા પ્રયત્ન કર્યો છે. પણ, આ બન્ને પદ્ધતિ એકી વખતે સ્વીકાર્યાથી ફલ એ થયું છે કે 'શાસ્ત્રોક્ત સ્વરૂપમાં કશો ફેરફાર કરવાની જરૂર નથી' એમ દૃઢતાથી માન્યા પછી મનુષ્યકૃતિનાં પ્રવૃત્તિનિયામક ભાવ અને વૃત્તિ તપાસતાં જે અનુમાન નિકળે તે એ શાસ્ત્રોક્ત સ્વરૂપને અનુકૂળ ન હોય તો ક્યાંતો એ સ્વરૂપને અન્ય આભાસ આપી એ અનુમાન તરફ મચડવું પડે છે કે ક્યાંતો એ અનુમાનને ખોટી રીતે બદલી એ સ્વરૂપ તરફ મચડવાં પડે છે. આ ફલ સ્વાભાવિક છે કેમકે અમુક સ્થિતિને લક્ષમાં લઈ બાંધેલું સ્વરૂપ કાળક્રમે તે સ્થિતિ બદલાયા પછી નવી સ્થિતિને સંપૂર્ણ રીતે અનુકૂળ રહેતું નથી. વળી એક વખત થયેલા વિચારમાં તો કશો ફેરફાર માનવો નહિ એમ સિદ્ધાન્ત કર્યા પછી જ્ઞાનની વૃદ્ધિ અને ફેરફારથી મળેલાં સાધન વડે એ વિચાર તપાસી શકાતા નથી, કેમકે જ્યાં અયોગ્યતાનો સવાલ રહ્યો નહિ ત્યાં યોગ્યાયોગ્યતાની પરીક્ષાનો અવકાશ રહેતો નથી. માટે શાસ્ત્રોક્ત સ્વરૂપ અને ભાવપૃથક્કરણ એ બેને સાથે મચડવાથી તર્કવિરૂદ્ધ રીતિએ જવું પડે છે. અમુક વિચાર અને આચાર તો બદલવાં જ નહિ એમ માન્યા પછી એથી સારા ક્યાં એ પરીક્ષાની જરૂર રહેતી નથી. કેવળ શાસ્ત્રાધાર સ્વીકારનાર હજી એક સ્વમાર્ગે વિરોધરહિત પદ્ધતિએ છે. એ આધાર માનનારનો તિરસ્કાર કરવાનો બિલકુલ હેતુ ન હોતાં તે લક્ષમાં ન લેવાનું કારણ એટલું જ છે કે બાંધેલા વિચારને બદલે બાંધેલા વિચારનું પૃથક્કરણ કરવાનો આ નિબંધનો ઉદ્દેશ છે. સમર્થન કે ખંડન કરતાં તે બન્નેનું પૃથક્કરણ કરવાનું સત્યાન્વેષણને વધારે લાભકારી છે. 'પ્રિયંવદા'માં લખનારે પૃથક્કરણની દિશામાં જે યત્ન કર્યો છે તે માત્ર ઇષ્ટ પક્ષની અનુકૂલતા સચવાય તેટલે જ સુધી જવાનો છે. તેથી અગાડી વધી ભાવ અને તર્કનાં મૂળ તપાસી સત્ય શોધી કહાડવાનો પ્રયત્ન કરતાં અમુક વર્ગને સ્થાપિત થયેલા વિચારની અવગણના જણા[illegible] તો તે બાબત આ લખનારને ક્ષમા મળશે અને તેની જ્યાં ભૂલ હોય ત્યાં [illegible]તાવવામાં આવશે એવી સંપૂર્ણ આશા છે. Q.

૪૧૩૧

સ્ત્રીપુરુષના સમાન હક.

(સુધારાવાળાના એ સંબંધી મત પર 'પ્રિયવંદા'માં એક લખનારે કરેલા વિવેચન વિષે ચર્ચા.)

'પ્રોફેસર જીન્સીવાલા' એ મથાળા નીચે 'પ્રિયવંદા' (હાલ 'સુદર્શન') ના ગયા જુલાઇ માસના અંકમાં એક વિષય લખાએલો છે. તે વિષય લખનારે સુધારાવાળા ઉપર હુમલો કરતાં આપણી સ્ત્રીઓની હાલની સ્થિતિ અને સ્ત્રીપુરૂષના હક સંબંધે કેટલાક વિચારો દર્શાવ્યા છે, તે મને જરા એક તરફી લાગે છે; માટે તે સંબંધે કેટલુંક વિવેચન કરવું યોગ્ય ધારૂં છું. તે વિષય લખનારને હું ઓળખતો નથી; નહિ તો, તેની તરફથી બારોબાર ખુલાસો મેળવત. વળી વિષય પણ સાર્વજનિક છે.

તે વિષય લખનાર કહે છે કે "યુરોપિયનોને પગલે પગલું દેવાનો નિશ્ચય કરી બેઠેલા કેટલાકના મનમાં બે વાતો નિશ્ચયપૂર્વક ભરાઇ ગઇ છે. (૧) આપણી સ્ત્રીઓ ગુલામગીરી કરતાં પણ ખરાબ દશા ભોગવે છે; ને (૨) સ્વાભાવિક રીતે જોઇએ તો સ્ત્રીપુરૂષના હક સમાન છે, કેમકે બન્ને માણસ છે."

પેહેલી બાબતઃ—"આપણી સ્ત્રીઓ ગુલામગીરી કરતાં પણ ખરાબ દશા ભોગવે છે" આ ખોટી પાડવા, તે લખનાર નીચે પ્રમાણે દલીલ આપે છે, "જેનું શરીર વેચાણ થએલું છે, જેને ધણીની મરજી વિના ઉઠવાનો, બેસવાનો, ખાવા પિવાનો, જવાં આવવાનો કે બોલવાનો પણ હક હોઇ શકતો નથી, જેના ધણી એશ આરામવાળા જુલમગાર હોય, અને જે ધણીની સામા એકઠા મળી તોફાન કરે, તે ગુલામ" "આપણી સ્ત્રીઓને એ માંહેલું કોઇ પણ દુઃખ નથી, માટે તેઓ ગુલામ નથી."—હવે હું નથી ધારતો કે કોઇ પણ સુજ્ઞ સુધારાવાળાએ આપણી સ્ત્રીઓને ગુલામની ઉપલી વ્યાખ્યા સંપૂર્ણ રીતે લાગુ પાડવા પ્રયત્ન કર્યો હોય. જો કોઇએ 'ગુલામગીરી' એ શબ્દ આપણી સ્ત્રીઓના સંબંધમાં વાપર્યો હોય તો આફ્રિકાના ગુલામોના જેવી અને જેટલી પરતંત્રતા બતાવવા માટે નહિ, પણ 'વ્યાજબી સ્વતંત્રતાની ખોટ' બતાવવા વાપરેલો હોવો જોઇએ અને તેથી માત્ર 'ગુલામ'નો શબ્દાર્થ લઇ સુધારાવાળાના અભિપ્રાયને ખોટો પાડવો એ અઘટિત શબ્દચ્છલ ગણાય. વ્યાજબી સ્વતંત્રતા આપણી સ્ત્રીઓને નથી તે કોઇનાથી ના પડાય તેમ નથી. દાખલા તરીકે આપણી સ્ત્રીઓને જાહેરાંત સભામાં હાજર થવાની અથવા ભાષણ આપવાની છૂટ નથી; જોકે રમાબાઇ જેવા કેટલાક ગણ્યા ગાંઠ્યા દાખલા મળી આવે, તોપણ સામાન્ય રીતે છૂટ નથી એમ કહિયે તો ચાલે. પણ કદાચ તે લખનાર એમ કહેશે કે તેવી સ્વતંત્રતા આપણી સ્ત્રીઓને મ[illegible]

વા યોગ્ય નથી. કારણ કે તેના મત પ્રમાણે 'સ્ત્રીઓનું સ્થાન ઘરમાંજ છે, તે ત્યાંનીજ દેવી છે." વળી **નારીપ્રતિષ્ઠા** નામે ગ્રંથમાં સ્ત્રીઓને માટે સ્વયંવર યોગ્ય ગણ્યો છે; પણ, હાલના જમાનામાં આપણી સ્ત્રીઓને પોતાનો પતિ શોધી કાઢવાની છૂટ નથી. પણ, વ્યાજબી સ્વતંત્રતાની ખોટનો આ દાખલો 'પ્રિયંવદા'માં લખનાર માન્ય કરે છે કે નહિ તે સંશય ભરેલું છે. કેમકે 'સુદર્શન'ના પહેલા અંકમાં સ્વયંવરને ભય ભરેલો ગણી હાલ ચાલતી રૂઢી સ્વીકારવામાં આવીછે. પણ કદાચ **નારીપ્રતિષ્ઠા**માં સ્વયંવર, ઉચ્ચ ભાવનાની કલ્પેલી સ્થિતિને માટે યોગ્ય ગણ્યો હશે, અને તે સ્થિતિએ આપણી સ્ત્રીઓ પ્હોંચે, ત્યારે તે તેમને માટે યોગ્ય થાય, પણ, ત્યાં સૂધી નહિ, એટલે પૂર્વાપર બાધ ન આવે. તેથી તે દૃષ્ટાંત બાજુએ મુકતાં પહેલા દૃષ્ટાંતપરથી એટલું તો સિદ્ધ થયું કે કેટલીક બાબતમાં જે છૂટ પુરૂષને છે તે સ્ત્રીઓને નથી. સવાલ માત્ર એટલોજ રહ્યો કે--તે છૂટ સ્ત્રીઓ માટે ઇચ્છવા યોગ્ય છે કે નહિ? આ સવાલના જવાબમાં હું કેટલુંક નીચે જણાવીશ. પણ ધારો કે 'ગુલામગીરી'ના કોઈ પણ અર્થમાં અટલે 'વ્યાજબી સ્વતંત્રતાની ખોટ' એ અર્થમાં પણ આપણી સ્ત્રીઓ ગુલામગીરી ભોગવતી નથી એમ તે લખનારે સિદ્ધ કર્યું એવું આપણે માનીએ તોપણ એ ઉપરથી એમ અનુમાન ન થાય કે આપણી સ્ત્રીઓ ઉચ્ચપદે પામેલી છે, કારણ કે, સ્વતંત્રતા સિવાય બીજી બાબતમાં કદાચ અધમદશાએ પહોંચેલી હોય. દાખલા તરીકે **નારી પ્રતિષ્ઠા**માં કહેલી કેળવણી આપણી સ્ત્રીઓને નથી; માટે, ઉચ્ચપદે પામેલી છે તે અનુમાનને માટે બીજે પૂરાવો જોઇએ અને તે પૂરાવો તે લખનારે ફકત એટલોજ આપ્યો છે કે "આપણા ધર્મમાં સ્ત્રીઓનું જે સ્વરૂપ બાંધ્યું છે તે એવું છે કે તે દેવતા છે ને કોઇ પણ ગૃહ જ્યાં તે હોય ત્યાં તે પૂજાવી જોઇએ ને તેથી ત્યાં સર્વ લક્ષ્મી અને સર્વ સુખ ઉદ્ભવવાં જોઈએ." હવે આપણા ધર્મમાં સ્ત્રીનું સ્વરૂપ ગમે તેવું બાંધ્યું હોય, તે ગમે તેવું યોગ્ય હોય, ઈચ્છવા યોગ્ય હોય, તોપણ, ખરેખરી રીતે લોકોની હાલની સ્થિતિમાં શું છે? શું સ્ત્રીઓ સર્વત્ર હિન્દુ કુટુંબમાં પૂજાય છે? શું તેઓ હોય ત્યાં સર્વ લક્ષ્મી અને સર્વ સુખ ઉદ્ભવે છે? તે લખનારનો મધ્યમ અથવા ઉત્તમ હિન્દુસંસારનો અનુભવ ગમે તેવો હોય તોપણ મને તો એમ લાગે છે કે સાસુનો વહુ ઉપર ગુજરતો જુલમ એટલો બધો છે કે હિન્દુસ્તાનની જુદી જુદી ભાષાઓમાં આશરે અડધું ડઝન કહેવતો તે વિશે ચાલે છે અને તેથી તે જુલમ હિન્દુસંસારમાં ચાલતા જમાનામાં ક્લેશ અને કંકાશનું જબરૂં મૂળ હશે એમ જ્યાં સુધી તે જુલમને ખોટા પાડનારી કહેવતો અથવા બીજો કોઇ નિઃસંશય પૂરાવો મળતો નથી ત્યાંસુધી આપણે માનવું પડેછે. વળી હાલ સ્ત્રીઓની સ્થિતિ કેવી છે એ સવા-

લનો જવાબ કેવી હોવી જોઇએ અથવા શાસ્ત્રમાં કેવી કલ્પેલી છે તે ઉપરથી બહુધા મળતો નથી. પણ આપણે તો હાલની સ્થિતિ જાણવાને આતુર છીએ કેમકે તે જાણ્યાથીજ આપણી સ્ત્રીઓને વ્યાજબી સ્વતંત્રતા છે કે નહિ તેનો નિર્ણય થઇ શકે તેમ છે. કદાચ તે લખનાર એમ કહેશે કે શાસ્ત્રમાં બાંધેલા સ્વરૂપમાંજ આપણી સ્ત્રીઓ ઉચ્ચપદે પામેલી છે—જો કે તેમ હાલ યથાર્થ પળાતું નથી, માટે તેમ પાળવા યત્ન કરવો જોઈએ.

શાસ્ત્રોકત સ્વરૂપ એક ઉચ્ચભાવના (ideal) તરીકે સંપૂર્ણરીતે ફરીથી દાખલ કરવા પ્રયત્ન કરવો જોઇએ કે નહિ તે હમણાંજ આપણે તપાસીશું. પણ, કોઈપણ તેવા યત્નકરનારે એટલું તો કબુલ કરવું જોઇએ કે હાલની સ્થિતિ કેટલીક બાબતમાં ખરાબ છે. એવું છે ત્યારે આપણી સ્ત્રીઓ ગુલામગીરિ ભોગવે છે કે નહિ એટલે કે વ્યાજબી સ્વતંત્રતાની ખોટ હાલ છે કે નહિ તેનો નિર્ણય કરવામાં આપણા ધર્મમાં સ્ત્રીનું સ્વરૂપ અમુક ઉચ્ચપ્રકારનું બાંધેલું છે એમ કહેવું એ નિરૂપયોગી છે. એટલે ટુંકામાં આપણી સ્ત્રીઓ ગુલામગીરિ ભોગવે છે તે ખોટું પાડવા તે લખનારે ત્રણ દલીલો આપીછે. (૧) ગુલામની વ્યાખ્યા—પણ તે તો શબ્દચ્છલ છે કેમકે વ્યાજબી સ્વતંત્રતાની ખોટ એટલોજ અર્થ 'ગુલામગીરિ' એવા ભારે શબ્દથી સુધારાવાળાઓએ બતાવેલો હોવો જોઈએ. વ્યાજબી એટલે શું?—એનો અર્થ નીચે જણાવ્યો છે. (૨) પોતાનો ઉત્તમ અથવા મધ્યમ હિન્દુસંસારનો અનુભવ—પણ તેતો સાસુના વહુ ઉપર ગુજરતા જુલમથી ઘણે અંશે ખોટો પડે છે. (૩) અને, ધર્મે બાંધેલુ ઉચ્ચસ્વરૂપ. હાલ તેમ યથાર્થ પળાતું નથી એમ તો તે લખનાર કબુલ કરેછે અને એ એક ઉચ્ચ ભાવના છે અને હાલ તેમ નથી પળાતું એમ કહેવામાં આવશે તો તે દલીલ નિરર્થક (irrelevant) છે. કેમકે, હાલની સ્થિતિ જાણવામાં તે ઉચ્ચભાવના કંઇ મદદ કરતી નથી. પણ હાલની સ્થિતિ જાણ્યાથીજ વ્યાજબી સ્વતંત્રતા છે કે નહિ તેનો નિર્ણય થઇ શકે છે. શાસ્ત્રોકત ઉચ્ચભાવના પહેલાના જમાનામાં પાર પડી હશે તો ભલે, પણ, સવાલ **હાલ** વ્યાજબી સ્વતંત્રતાની ખોટ છે કે નહિ એવો છે.

હવે શાસ્ત્રોકત સ્વરૂપથી આપણી સ્ત્રીઓને વધારેમાં વધારે સુખ મળશે કે નહિં તે તપાસીએ. પ્રથમ તો શાસ્ત્રમાં કહેલું સ્વરૂપ નકકી કરવુંજ મુશ્કેલ છે કેમકે જૂદા જૂદા સ્મૃતિકારના જૂદા જૂદા મત જણાય છે. એટલે સુધી કે 'કપાળે કપાળે જૂદી મતિ' એ કહેવતના દાખલા તરીકે તે ગણી શકાય. પણ ધારો કે શાસ્ત્રમાંથી તારણ કરી એક સામાન્ય સ્વરૂપ નકકી કર્યું અને આપણી હિન્દુ સ્ત્રીઓએ હમણાં ને હમણાં તે સ્વરૂપ પ્રાપ્ત કર્યું અને તેમને હાલના કરતાં વધારે સુખ મળ્યું, તોપણ, હું પૂછુંછું કે તે સ્વરૂપ સદા

કાળ માટેજ-ઇચ્છવા યોગ્ય છે, બીજી કોઇપણ સ્થિતિમાં તેમને તેટલું અથવા તેથી વધારે સુખ નજ મળે? તે લખનાર કહેછે કે ના નહિજ. કેમકે શાસ્ત્રે બાંધેલું સ્વરૂપ કુદરતે ઘડેલા સ્ત્રી પુરૂષના શરીર અને મનના બંધન ઉપરથી ઘડેલું છે. એટલે વિશ્વરચનાથી એકવાર તેનો ફેંસલો થઇ ચુકયો છે. પણ તે લખનારના કહેવા પ્રમાણે સ્ત્રીપુરૂષના "સમાન હક" થી સ્ત્રીઓને હાલના કરતાં વધારે સુખ મળશે એમ સુધારાવાળા બતાવે છે. એટલે, સ્ત્રી પુરૂષના 'સમાન હક' ની સ્થિતિ એ સુધારાવાળાની હાલની ઉચ્ચભાવના છે અને તે મેળવવી એ તેમનો આગ્રહ છે. હવે શાસ્ત્રોક્ત સ્વરૂપની ઉચ્ચભાવના (ideal) અને સમાન હકની ઉચ્ચભાવના(ideal) એ બેમાંથી કઇ સ્થિતિથી હાલની સ્થિતિ કરતાં વધારે સુખ થશે એ તપાસવાનું છે. પણ તે પેહેલાં "સમાન હકની સ્થિતિથી શાસ્ત્રોક્ત સ્થિતિ કરતાં વધારે સુખ થશે" એવો જે સુધારાવાળાનો મત તેનું ખંડન પ્રિયંવદામાં આપ્યું છે તે તપાસીએ. તે કહેછે કે "સમાનતા એવી વાત સંસારના વ્યવહારમાં કદી પણ, કોઇપણ કાળે, સંભવી નથી, સંભવતી નથીને સંભવવાની નથી. સંસારનું મૂળજ અસમાનતામાંથી છે. અને તે અસમાનતાની પ્રત્યક્ષ સાબિતી એક પાસા દુધ ઝરતાં સ્તન, ગર્ભાશય અને ગ્રાહક રજ છે અને બીજી પાસા ઉપાર્જન કર્તા અંગ, ઉત્પાદન પ્રેરતી નરેંદ્રિય અને ઉત્પત્તિમૂલ વીર્ય છે—તેને કોણ કેવી રીતે નિર્મૂળ કરી સમાનતા કરી શકે તેમ છે?" ઉપલા વાક્યમાં અમાનતાનો અર્થ **ભેદ** એટલોજ સમજાયછે—કેમકે અસમાનતા એ શબ્દથી જો ઉંચ નીચ એવો અર્થ સમજીએ તો 'સ્ત્રીઓ ઉચ્ચ પદે પામેલીછે,' દેવી છે વગેરે વગેરે વચનોનો પૂર્વાપર વિરોધ આવે અને ખરૂં જોતાં **नारीप्रतिष्ठामां** સ્ત્રીને પુરૂષ કરતાં વધારે ઉંચી પદવી આવેલી છે. અને કદાચ એમ કહેવામાં આવશે કે જો કે અંતઃકરણના કેટલાક ઉંચા ગુણો સ્ત્રીઓમાં સ્વાભાવિક રીતે વધારે છે તેથી પુરૂષ કરતાં તે બાબતમાં સ્ત્રી ઉચી પદવીએ છે, તોપણ શારીરિક બલ વગેરેમાં ન્યૂન છે અને તેથી અસમાન છે તો તેના ઉપર એ આશંકા છે કે શું શારીરિક બળ સમાન થયા વિના બીજી કોઈ જાતની સમાનતા નજ સંભવે? પણ કદાચ, અસમાનતાનો અર્થ ઉપર જણાવ્યા મુજબ **ભેદ** એટલોજ તે લખનાર કરતો હશે. એટલે ઉપલી દલીલનું ટુંકું સ્વરૂપ એટલુંજ કે સ્ત્રી પુરૂષ વચ્ચે ભેદ છે, તેમની કેટલીક ઇંદ્રિયો જુદી છે અને જુદા જુદા હેતુથી ઘડાયલી છે માટે તે ભેદનો નાશ થાય નહીં ત્યાં સુધી સમાનતા તેમજ સમાન હક સંભવે નહીં; માટે, સુધારાવાળાઓ મૃગતૃષ્ણિકાસમાન અસંભવિત વાત પછાડી દોડે છે એટલે એમાં સુખ હોયજ ક્યાંથી? સ્ત્રી પુરૂષ વચ્ચેના ભેદનો નાશ બે પ્રકારે થાયઃ કાંતો મનુષ્ય પ્રાણિની બધી આકૃતિઓ પુરૂષ જેવી થાય અથવા 'સ્ત્રીયા રાજ્ય'ની પેઠે બધી આકૃતિઓ સ્ત્રી જેવી થાય.

ત્યારે હવે હું પુછુંછું કે કયા સુધારાવાળાએ સ્ત્રીપુરૂષ વચ્ચેનો ભેદ નાશ કરવા પ્રયત્ન કર્યો? કોણે 'પુરૂષત્વ વતી' સ્ત્રી અથવા 'સ્ત્રીત્વ' વાળો પુરૂષ કરવા પ્રયત્ન કર્યો? કોણે મનુષ્ય પ્રાણિની સર્વ આકૃતિઓ પુરૂષ–આકારવાળી અથવા સ્ત્રી–આકારવાળી બનાવી દેવા પ્રયત્ન કર્યો? એવી સમાનતાને માટે તો જેની ડાગળી ઠેકાણે હોય તેવો કોઈ પણ સુધારાવાળો ઇચ્છા કરે નહીં. તે તો સર્વથા અસંભવિતજ છે. પણ કદાચ તે લખનાર એમ કહેશે કે સ્ત્રી પુરૂષ વચ્ચેનો ભેદ નાશ કરવાને નહીં–પણ તેમની ખાસ ઇંદ્રિયોના હેતુ નિષ્ફળ કરવા સુધારાવાળાઓ પ્રયત્ન કરેછે એટલે કે બધી આકૃતિઓને એક–આકાર બનાવી દેવા નહીં પણ તે ખાસ ઇંદ્રિયોના હેતુ નિષ્ફળ કરવાને તેમનો આગ્રહ છે. અને પુરૂષને ઉચિત કર્મ એટલે કમાવું, મુસાફરી કરવી; લડાઇમાં જવું વગેરે સ્ત્રીઓ પાસે કરાવવા તેઓ ઇચ્છેછે. હવે આવી સમાનતા જો કે ગમે તેવી ઘાતકી હોય, દુષ્ટ હોય પણ **અસંભવિત**નો નથીજ. દાખલા તરીકે પુરૂષો જેમ વકીલાતનો અને વૈદકનો ધંધો કરેછે તેમ સ્ત્રીઓ કરી શકે–વળી પ્લેટો તો એટલે સુધી કહેછે કે સ્ત્રીઓને પણ પુરૂષની પેઠે લડાઇને માટે તૈયાર કરવી. આ વાતનું યોગ્યાયોગ્યપણું પછીથી તપાસીશું–પણ ધારો કે તે અયોગ્ય હોય તો પણ અસંભવિતતો નથીજ. ચાલો ત્યારે આપણે તપાસીએ કે સુધારાવાળાઓ સ્ત્રીઓની ખાસ ઇંદ્રિયોના હેતુ કેટલે દરજ્જે નિષ્ફળ કરી પુરૂષ જેટલી સમાનતા મેળવવા ઇચ્છેછે. પણ આ બાબતમાં તે લખનાર પોતે આપણને કાંઈ ખબર આપતો નથી, પણ ફક્ત એટલુંજ કહેછે કે સ્ત્રીઓની ખાસ ઇંદ્રિયોના હેતુ પાર પાડવામાંજ એમનું સ્ત્રીત્વ રહ્યું છે એટલે કે તે હેતુ નિષ્ફળ કરી સમાનતા મેળવવી એ અયોગ્ય છે, કેમકે તેના મત પ્રમાણે "જે જે હેતુથી જે જે વસ્તુઓ જગતમાં નિર્માઈ છે તે તે હેતુ પાર પાડવામાંજ તેમનું સાર્થક્ય રહ્યું છે" સ્ત્રીઓના સ્ત્રીત્વપણાનું સાર્થક્ય છોકરાં જણી તેમનું પાલણ પોષણ કરવું તે છે, તદપિ સ્ત્રી અને પુરૂષોને કેટલીક ઇંદ્રિય સરખી છે જેવી કે નાક, આંખ, કાન અને માનસિક શક્તિઓ વગેરે. એટલે "સ્ત્રીઓને વિદ્યાની કે જ્ઞાનની કે હરવા ફરવાની, ખાવા પીવાની જરૂર પુરૂષના જેટલીજ છે" પણ તે વાતનો "ચર્વિત ચર્વણ પિષ્ટ પેષણ છે."

હવે જે જે ઇંદ્રિયો અને શક્તિઓ કુદરતે સ્ત્રી અને પુરૂષોને આપેલી છે તે તે ઇંદ્રિયોના અને શક્તિયોના કુદરતે નિમેલા હેતુ પાર પાડવામાંજ તેમનું સાર્થક્ય રહ્યું છે એવો જે તે લખનારનો મત તે ઉપર મને નીચે પ્રમાણે શંકાઓ ઉત્પન થાય છે. તે મતની સત્યતા અને તે પ્રમાણે જીંદગીની વર્ત્તણુક કેવી રીતે અને કેટલે દરજ્જે ચલાવી શકાય તે તપાસવું અવશ્યનું છે કારણકે કુદરતે નિમેલા ઇંદ્રિયોના હેતુ ઉપરથી વર્ત્તણુકના નિયમો નક્કી કરવા એ તે

લખનારનો મુખ્ય સિદ્ધાંત છે અને તે ઉપરથી બીજા બધા સિદ્ધાંતો જેવાકે સ્ત્રી પુરૂષની અસમાનતા વગેરે સિદ્ધ કરવા તેનો પ્રયત્ન છે.

પ્રથમ શંકા તો સહજ એમ ઉત્પન્ન થાય છે કે કોઈપણ ઇંદ્રિય અથવા શક્તિનો હેતુ શ્વાસોશ્વાસની માફક એની મેળેજ પાર પડયો જાયછે કે આપણે તેને માટે પ્રયત્ન કરવો પડે છે? આ શંકાનું નિવારણ જલદીથી થાય છે કેમકે આપણે ઘણી વખત પ્રયત્ન કરવો પડેછે અને તેથીજ યોગ્યાયોગ્યપણું તથા કર્ત્તવ્યભંગથી ઉત્પન્ન થતો ખેદ સંભવે છે. હવે બીજી શંકા એમ છે કે કોઇપણ ઇંદ્રિય અથવા શક્તિનો કેટલો ઉપયોગ કરવો? કુદરત માત્ર એટલુંજ કહેછે કે અમુક ઇંદ્રિયનો અમુક હેતુ છે પણ તે કેટલે દરજ્જે પાર પાડવો તે કળાતું નથી. આંખ જોવાને આપી છે અને કાન સાંભળવા આપ્યાછે એમ કુદરત કહે છે પણ તે જ્ઞાન શા કામનું? કેમકે આંખે કરીને સાંભળવાની કે કાને કરીને જોવાની ભૂલ પડવાનો સંભવ છેજ નહીં. પણ આંખનો કેટલો ઉપયોગ કરવો એ સવાલનો જવાબ કુદરતે નિમેલા માત્ર જોવાના હેતુથી મળતો નથી; કારણ કે, નાટક જોનારાઓ નાટક જોવામાં આંખનો ઉપયોગ કરેછે અને યોગીઓ આંખ મીંચી રાખે છે. જીભ બોલવાને આપીછે પણ બકવાદ કરનારા તેમજ વકીલો તે હેતુ પાર પાડે છે અને મુનિઓ મૌનવ્રત ધારેછે. પગ ચાલવાને આપ્યાછે પણ ચીન દેશમાં ઉંચા કુળની સ્ત્રીઓના પગ લોઢાના જોડાથી એટલા સાંકડા કરી નાંખવામાં આવેછે કે તેઓ ચાલી શકે નહિ. અને ટપાલના હલકારાઓ દોડી દોડીને જીંદગી પુરી કરેછે. તેમજ સ્ત્રીસંજ્ઞા પમાડનારી ઇંદ્રિયોનો હેતુ છોકરાં ઉત્પન્ન કરી પાલણ પોષણ કરવું તે છે, પણ તે કેટલો પાર પાડવો એ મુખ્ય સવાલ છે—એક તરફ બાળ વિધવાઓને તે હેતુ બીલકુલ પાર પાડવા દેતા નથી અને તે ન પાર પાડવા દેવો જોઇએ એવો તે લખનારનો મત જણાય છે કેમકે તેના મત પ્રમાણે 'બાળલગ્ન દૂર કરવા ઉપરાંત શાસ્ત્રોક્ત મૂળલગ્ન સ્વરૂપમાં કાંઈ ફેરફારની જરૂર નથી.' અને કદાચ બાળલગ્ન દૂર કરવાથી વિધવાઓ ઓછી થશે તોપણ થોડી રહેતી વિધવાઓની સ્ત્રીસંજ્ઞા પમાડનારી ઇંદ્રિયોનો હેતુ ઘણે દરજ્જે નિષ્ફળ જશે. પણ બીજી તરફ માલ્થસ નામનો ઇંગ્રેજી ગ્રંથકાર એમ કહેછે કે સ્ત્રી પુરૂષોની પોતાની જાતની ઉત્પત્તિ કરવાની શક્તિ એટલી બળવાન છે કે જો તેનો કોઈપણ રીતે અટકાવ કરવામાં ન આવે તો ખોરાક ખૂટી પડવાની ધાસ્તી રહે છે. ત્યારે કોઈપણ ઇંદ્રિયનો કેટલો ઉપયોગ કરવો એ સવાલનો જવાબ તે ઇંદ્રિયનો અમુક હેતુ કુદરતથી નિર્માયો છે એટલુંજ કહેવાથી મળતો નથી. કદાચ એમ કહેવામાં આવશે કે ઉપલા દૃષ્ટાંતો **અતિ ઉપયોગ** અને **બિલકુલ ઉપયોગ નહીં** એવાં છે માટે કોઇપણ ઇંદ્રિયના સંબંધમાં અતિ ઉપયોગ અને બિલકુલ ઉપ-

યોગ નહીં એની વચમાં મધ્યમ રીતે વર્તવું. પણ તેના ઉપર એ આશંકા છે કે મધ્ય લીટી ક્યાં અને કોણે દોરવી ? એક તરફ જોતાં પોતાની ઇંદ્રિયોના મધ્યમ ઉપયોગ કરવાને ઇચ્છતા કોઇપણ માણસે પોતે દોરેલી મધ્ય લીટી પ્રમાણે વર્ત્તવા દેવાની તેને સ્વતંત્રતા આપવી યોગ્ય જણાય છે. પણ તે માણસે દોરેલી મધ્ય લીટી જનસમૂહે દોરેલી મધ્ય લીટીથી ભિન્ન પડતી હોય તો કેમ કરવું ? પણ ધારો કે જુદા જુદા માણસોની શરીરની તેમજ મનની પ્રકૃતિ અને તેના ફેરફાર ભિન્ન છતાં પણ તમે અમુક ઈંદ્રિયોનો મધ્યમ ઉપયોગ આટલોજ કરવો અને આટલો નહીં એમ નક્કી કર્યું અને તેને માટે સર્વ લોકનું અથવા સર્વ વિચાર કરનાર લોકનું એકમત્ય મેળવ્યું; તોપણ તત્કાળ નવી શંકાઓ ઉત્પન્ન થાય છે. અમુક ઇંદ્રિયના મધ્યમ—આટલોજ કરવોને આટલો નહીં—ઉપયોગનું સારા નરસાપણું કયા ધોરણે નક્કી કરવું? એટલે કેટલો ઉપયોગ કરવો એ સંખ્યાવાચક શંકાનું સમાધાન થયા પછી પણ કેવો—એટલો સારો નરસો ઉપયોગ કોને કહેવો એ જાણવાનું બાકી રહે છે—અને માત્ર કુદરતે અમુક હેતુ અમુક ઈંદ્રિય અથવા શક્તિનો નિમ્યો છે એમ કહ્યાથી સારાનરસાપણું જણાતું નથી. કેમકે વેશ્યા તેમજ પતિવ્રતા નિયમિત વર્તી મધ્યમ રીતે હેતુ પાર પાડતી હોય તોપણ સારા નરસાના ધોરણમાં (જોકે બન્ને કુદરતનો હેતુ પારપાડે છે અને તેટલે દરજ્જે સમાન રીતે વર્તે છે તે છતાં) બન્નેને આપણે સરખી ગણતા નથી; તેમજ ખગોળવેત્તા, અને છબી ચીતરનાર અને નીરખનાર, ક્રોધે આંખ લાલ કરી બીજાને ડરાવનાર અને મૂર્તિપૂજાવાળો મૂર્તિનાં દર્શન કરવામાં આંખનો મધ્યમ ઉપયોગ કરવાને ઇચ્છતા હોય. વળી ભૂખ તરસનો હેતુ (જો તેમને શાંત પાડવામાં આવે તો) શરીરને સ્વસ્થ રાખવાનો છેઃ પણ માંસમદ્યનું ભક્ષણ કરનાર તેમજ અન્નોદક લેનાર મધ્યમ રીતે ક્ષુધાતૃષાને શાંત પાડવા ઇચ્છતા હોય. એટલે ટુંકામાં જેને સામાન્ય જનવ્યવહારમાં દુર્ગુણી કે સદ્ગુણી કહેવામાં આવે છે તે બન્ને પોતાની ઇંદ્રિયોનો મધ્યમ ઉપયોગ કરવાને ઈચ્છતા હોય તોપણ સારા નરસાના ધોરણમાં તે સરખા ગણાતા નથી; જો કે કુદરતે નિમેલા હેતુ તેઓ પારપાડે છે. માટે, કુદરતે અમુક હેતુ અમુક ઇંદ્રિય અથવા શક્તિનો નિમ્યો છે તેમ કહેવાથી સારા નરસાનું ધોરણ હાથ લાગતું નથી. લોકમાન્ય ધોરણો તપાસીએ તો જુદા જુદા લોકમાં અને જુદા જુદા જમાનામાં જુદાં જુદાં ધોરણ માલમ પડે છે. એટલુંજ નહિ પણ એકજ જમાનામાં એકજ જનમંડળમાં સારા નરસાનાં જુદાં જુદાં ધોરણ માલમ પડેછે એમ ઇતિહાસ સ્પષ્ટ રીતે દેખાડી આપેછે.—દાખલા તરીકે ત્વચાનો હેતુ સ્પર્શ કરવાનો છે પણ સામાન્ય હિંદુઓ ઢેડને અડવું એ ભ્રષ્ટતા ગણેછે અને પ્રાર્થના

સમાજસ્થો કદાચ નહીં ગણતા હોય. ક્ષુધાતૃષાનો હેતુ ખાવા પીવાનો છે પ-
ણ પરનાતનું ખાવું એ હિંદુઓમાં અધમ ગણાય છે પણ બ્રહ્મસમાજસ્થો તેમ
ગણતા નથી. જીભ્હાનો હેતુ બોલવાનો છે પણ ફટાણાં ગાનારીઓ ફટાણાંમાં
કાંઇ દોષ દેખતી નથી પણ ઉલટો આનંદ માનેછે–છતાં બેશક તેથી આપણને
ત્રાસ ઉપજ્યા વિના રહેતો નથી. હિંદુમંડળની બહાર નજર કરીએ તો વળી
સારાનરસાના ધોરણમાં વિશેષ ભિન્નતા માલમ પડશે. એટલે સુધી કે દરેક
જનમંડળમાં એક વધારે સખત અને બીજું જરાક નીચું એવાં બે ધોરણ મા-
લમ પડેછે અને ખરૂં જોતાં તો દેશકાલાદિકની ભિન્નતા બાતલ કરતાં જે સર્વમા-
ન્ય ધોરણ રહે તેજ સ્વીકારવું યોગ્ય જણાયછે. હવે ધારોકે જુદી જુદી પ્રજાના જુદા
જુદા જમાનાના જુદા જુદા રીવાજોની અનેકતા છતાં પણ તમે દરેક ઇંદ્રિય અને
શક્તિનો સર્વમાન્ય સારો ઉપયોગ નક્કી કર્યો; તોપણ તત્કાળ નવી શંકાઓ ઉત્પન્ન
થાય છે, કેમકે એક ઇંદ્રિય અથવા શક્તિના મધ્યમ અને સારા ઉપયોગ જોડે બી-
જી ઇંદ્રિય અથવા શક્તિના મધ્યમ અને સારા ઉપયોગનો વિરોધ થાય ત્યારે કેમ
કરવું? જેમ કે એક માણસ એમ પૂછે છે કે સુંદર બાગ બગીચા જોવામાં
આંખનો મધ્યમ ઉપયોગ કરી આંખનું ફળ મેળવું કે ગાયન સાંભળી કાનનું
ફળ મેળવું? અથવા એક સ્ત્રી એમ પૂછે છે કે (જો લગ્નની સ્વતંત્રતા હોયતો) મને
સ્ત્રીસંજ્ઞા પમાડનારી ઇંદ્રિયોનો વ્યભિચારથી નહીં પણ લોકમાન્ય લગ્નથી
મધ્યમ ઉપયોગ કરી છોકરાં ઉત્પન્ન કરી પાલણ પોષણ કરૂં કે આખી જીંદગી
માનસિક કે ધાર્મિક કેળવણીમાં અથવા પરોપકારમાં ગાળું? કદાચ એમ ક-
હેવામાં આવશે કે બધી ઇંદ્રિયો અને શક્તિઓના સારા હેતુ સાથે પાર પાડ-
વા. પણ સવાલ એમ છે કે વિરોધ થાય ત્યારે કેમ કરવું? આપણી સ્ત્રીઓને
ઉપર બતાવ્યો એવો વિરોધ કદાચ ન થતો હોય તેનું કારણ એમ પણ હોય
કે તેઓને લગ્નની બાબતમાં સ્વતંત્રતા નથી અને તેવો વિચાર કરવાની
શક્તિ આવતા પહેલાંજ લગ્ન કરી દેવામાં આવે છે. કહેવત છે કે "દીકરી
અને ગાય જ્યાં દોરે ત્યાં જાય." પણ પરતંત્રતા છતાં એ મીરાંબાઇએ પતિ-
નો ત્યાગ કરી ઇશ્વરપરાયણ જીંદગી ગાળી. મહાત્મા મેડમ ડી બ્લેવેટસ્કી પણ
મારા ધારવા પ્રમાણે તેમજ કરે છે. વળી જૈન ધર્મના જતિઓ, સ્વામીના-
રાયણના સાધુઓ અને રોમન કેથોલીકના ફાધરો તેમજ કરે છે. માટે સ્વ-
તંત્રતા હોય કે ન હોય તોપણ કેટલીક સ્ત્રીઓએ તેમજ પુરૂષોએ પોતાની
કેટલીક ઇંદ્રિયોના તેમાં વળી સ્ત્રીઓએ તો પોતાના સ્ત્રીત્વપણાના ખાસ હેતુ
નિષ્ફળ કરી પોતે ધારેલી કોઇ જીંદગીની ઉચ્ચ ધારણા પાર પાડવી યોગ્ય
ગણ્યું છે અને ગણે છે. કદાચ એમ કહેવામાં આવશે કે તે તો અસાધારણ
સ્ત્રીઓ અને અસાધારણ પુરૂષો હોય તે તેમ કરી શકે અને તે તેમને યો-

યછે, પણ સામાન્ય સ્ત્રી પુરૂષને માટે તે નિયમ નથી. પણ તે ઉપર એ આશંકા છે કે સામાન્ય સ્ત્રી પુરૂષોને પણ પોતાની જુદી જુદી ઇંદ્રિયોના સારા ઉપયોગોનો વિરોધ થાય ત્યારે કેમ કરવું. દાખલા તરીકે ધારો કે એક સામાન્ય સ્ત્રી એમ પુછે છે કે છોકરાંની અમુક સંખ્યા ઉત્પન્ન કરી અથવા લગ્નની મુદત લંબાવી મારી બીજી શક્તિઓ કેળવવાને હું ઇચ્છું તો મને અધિકાર છે કે નહીં ? કે મને છોકરાં જણી તેમનું પોષણ કરવાનું યંત્રજ બનાવવું છે ? (cf "The Morality of Marriage" Fortnighly Review March or April 1890). કદાચ એમ કહેવામાં આવશે કે માનસિક શક્તિઓ વધારે ઉંચી છે અને તે કેળવવાને અર્થે બીજી ઇંદ્રિયોના હેતુ કેટલેક દરજ્જે ગૌણ પાડી શકાય અને તેમ કરવું યોગ્ય છે અને તે તો "ચર્વિત ચર્વણ પિષ્ટપેષણ છે." પણ ઉંચ નીચ એવા ભેદ ઇંદ્રિયો અને શક્તિઓમાં શી રીતે પાડવો ? કેમકે સામાન્ય રીતે કુદરત તરફ જોતાં બધી શક્તિઓ સરખી ભાસે છે. અને જો કે સાધારણ રીતે માનસિક શક્તિઓ દૃશ્યમાન શારીરિક ગોલકથી કલ્પાતિ ઇંદ્રિયો કરતાં વધારે ઊંચ સામાન્ય લોકો ગણેછે તો પણ તે ભેદ ઉંડું તપાસતાં ટકી શકે તેમ લાગતો નથી, કેમકે બધી શક્તિઓ માનસિક છે—કેમકે મડદાને પણ દૃશ્યમાન ગોલક અથવા ઇંદ્રિયોના સ્થાન તો રહેછે. પણ ધારો કે તેવો ભેદ ખરો હોય અને તેથી કરીને માનસિક શક્તિઓ શારીરિક ઇંદ્રિયો કરતાં ઉંચી હોય; તોપણ, માનસિક શક્તિઓની અનેકતાને લીધે તેમના હેતુઓનો વિરોધ સંભવે છે. અને વળી માનસિક શક્તિઓમાં તો ઉત્પત્તિજ ઘણે ખરે ભાગે ઉપયોગથી આવે છે અને તેથી માત્ર સંસ્કાર રૂપે રહેલી શક્તિઓની હયાતી નથી ત્યાં સુધી ઉંચ નીચ ભેદ શી રીતે પડાય? અને કદાચ પડાય તો પણ એક પરિપકવ થયેલી શક્તિના હેતુ જોડે એક સંસ્કાર રૂપે રહેલી સમાન પાયરીની શક્તિના હેતુ—એટલે હયાતી—નો વિરોધ થાય ત્યારે કેમ કરવું? દાખલા તરીકે એક કવિ એમ પુછેછે કે મારી કવિત્વ શક્તિ વધાર્યા કરૂં કે ગાયન કે ચિત્રકળા નવી સંપાદન કરૂં? વળી એને એ વિચારમાં ઉંડા જઈએ છીએ તો એકજ શક્તિના હેતુનો સ્વવિરોધ સંભવે છે. ધારો કે એક માણસમાં પરોપકારબુદ્ધિ પકવ થયેલી છે પણ તે પુછેછે કે ધર્મશાળાઓ બંધાવું કે ગરીબોને દાણા અપાવું કે યુનીવરસીટીમાં સ્કોલરશીપો કાઢું ? આવી રીતની અનેક શંકાઓ ઉત્પન્ન થયાં કરે છે અને તે માત્ર કુદરતના હેતુ જાણ્યાથી શમતી નથી. ઇંદ્રિયો અને શક્તિઓના હેતુઓના પરસ્પર વિરોધોનું સમાધાન કયા ધોરણે કરવું ? પણ એમ જણાય છે કે તે લખનારે વિરોધોનું મનન કર્યું નથી. કદાચ એમ કહેવામાં આવશે કે તેવો વિરોધ આપણા લોકમાં ઘણો થોડો અને નહીં જેવો થાય છે. આ ઠેકાણે યાદ રાખવું જોઈએ કે જેટલો જાહેરાંતમાં આવે છે તેટલોજ વિરોધ હયાતીમાં

છે એમ માનવું જોઈએ નહીં. પણ, ગમે તેટલો વિરોધ થોડો યા ઘણો શી રીતે સમાવવો? અમુક ઇંદ્રિયોના અમુક હેતુઓ કુદરતથી નિમાયા છે અને ઘણા ખરા માણસો ઘણી વખત તે પાર પાડે છે તેટલુંજ કહેવાથી વિરોધ શમતો નથી. પણ ખરૂં જોતાં સદાચાર અથવા નીતિનો સવાલ ઇંદ્રિયોના હેતુઓ અથવા ઇચ્છાઓ અને શકિતઓના પરસ્પર વિરોધ વિના ઉત્પન્ન થતો નથી. કેમકે સામાન્યપણે વિષયગ્રહણ કરતા હોઇએ તેમાં સારાનરસા પણાનો ખ્યાલ આવતો નથી; પણ તે વિષયોનો બીજા જોડે વિરોધ થાય ત્યારે તત્કાળ સદાચાર દુરાચાર, નીતિ અનીતિ સંબંધી મનમાં વિચારો થઇ આવે છે. કારણ કે સદાચાર અથવા નીતિ ઇંદ્રિયોને અમુક ધોરણથી નિયમમાં રાખવી તેમાંજ સમાયલી છે. માટે અમુક ઇંદ્રિય અથવા શક્તિ હયાતીમાં છે અને અમુક તેનો હેતુ છે તેટલું કહ્યાથી કાંઈ ધોરણ હાથ લાગતું નથી. કયારે, કેટલો, કેવી રીતે પાર પાડવો એ નીતિનો સવાલ છે. અને દરેક 'ઇંદ્રિય' ના સંબંધમાં મધ્યમ અને સારો ઉપયોગ નક્કી કર્યા પછી પણ એવા મધ્યમ અને સારા ઉપયોગોના પરસ્પર વિરોધો જે નિયમથી શમાવવામાં આવે તેને ધોરણ એ નામ આપવું. પણ કદાચ તે લખનાર એમ કહેશે કે અદ્યાપિ પર્યંત જે કાંઈ કહેવામાં આવ્યું તે વ્યર્થ છે અને દૂધમાં પોરા કાઢયા જેવું છે. કેમકે કુદરતે જેમ ઇંદ્રિયો અને શકિતઓ આપી છે તેમ પંચભૂતથી ઉત્પન્ન થયેલા શરીરમાં તેનો નિયામક આત્મા પણ ઠેરવ્યો છે. એટલે ઇંદ્રિયો કાંઇ જુદી જુદી વસ્તુઓ નથી; પણ ઇંદ્રિયો શકિતઓ અને આત્મા એ બધું મળી એક ઘડીઆલના જેવું પણ તેથી વિલક્ષણ સજીવન યંત્ર છે એટલે તેઓને એક બીજાનો પરસ્પર સંબંધ છે અને તે યંત્રમાં ઇંદ્રિયો અને શકિતઓ વગેરેનો ધર્મ તાબે થવાનો છે, અને જ્ઞાતા, ભોકતા, વકતા વગેરે સંજ્ઞા પામતો આત્મા એક રાજા તરીકે સર્વેનો નિયામક છે; માટે ઇંદ્રિયોનો નિયમ તે જે કરે તે ખરો—કેમકે કુદરતથી તેની નિયામક તરીકેની સત્તા સિદ્ધ થયેલી છે. પણ આતો એક ચક્કર ખાઇ હતા ત્યાંને ત્યાં આવ્યા. કેમકે મૂળ સવાલજ એમ હતો કે કયા ધોરણથી આત્મા ઇંદ્રિયોના હેતુઓના વિરોધ શમાવે? (ફકત આત્મા શબ્દ વાપર્યો ન હતો). ત્યારે આત્માને કુદરતે નિયામક ઠરાવ્યો છે એમ કહેવાથી કાંઇ વિશેષ જ્ઞાન મળ્યું નહીં; આત્મા કહે છે કે આત્મા નિયામક છે. અને જો એમ કહેવામાં આવે કે તે આત્મા સ્વતંત્ર સ્વેચ્છાથી દરેક કાર્યમાં જુદી જુદી રીતે મરજી માફક વર્તે છે, તો પછી સર્વ માન્ય કોઈ પણ ધોરણને માટેનો પ્રયત્ન હસવા લાયક થઇ પડેછે. પણ આથી કોઇ સહૃદયવાળો વિચારનાર સંતોષ પામશે નહીં. કેમકે ઈચ્છાઓથી વારંવાર અહીં તહીં તણાવા કરતાં પોતે કરે-

વા કોઈ અમુક નિયમથી પોતાની વર્તણુંક ચલાવવામાં પોતાની એકતા જાળવવી એ આત્માનું નીતિ સંબંધમાં અનાદિ તત્ત્વ છે; તે બાલ્યાવસ્થામાં સંસ્કારરૂપે હોય અને મોટી વયે પૂર્ણ પ્રકાશે છે એમ જણાય છે. ત્યારે હવે કાયાનગરનો રાજા જીવાત્મા કયા કાયદાથી પોતાની ઇંદ્રિયો તથા શક્તિઓ રૂપ પ્રજા ઉપર રાજ્ય કરે છે? જો દરેક મનુષ્ય-આત્માને યોગ્ય જુદો જુદો કાયદો હોય તો પછી સમાનતા રહી નથી તેથી કાંઇ ઊંચ નીચના ભેદ રહ્યા નહીં; કેમકે દરેક મનુષ્ય પ્રાણી પોતપોતાનો કાયદો વાપરે છે એટલે તેમાં કુદરતનો હેતુ પાર પાડે છે. એક આફ્રીકાના જંગલીમાં જંગલી માણુસનો કાયદો તેમજ મહાત્મા બુદ્ધ જેવાનો પોતાની વર્તણુકનો કાયદો સરખા થયા. પણ ખરે તેમ આપણાથી માન્ય થાયજ નહીં. કેમકે, જેમ જ્ઞાનમાર્ગમાં સત્ય બધા મનુષ્યની બુદ્ધિને માટે એકજછે તેમ નીતિનું તત્ત્વ અથવા છેવટનો સિદ્ધાંત એકજ હોવો જોઇએ અને તે મોડો વહેલો દરેક મનુષ્ય આત્મા તરફ આવેશ અળગા કરી નિશ્ચિંતપણે વિચારે તો જોઇ શકે. અને તેથીજ વ્યવહાર અને જનમંડળનું બંધારણ સંભવે છે. કદાચ એમ કહેવામાં આવશે કે તે ઈશ્વરરચિત એક કાયદો મહાન સત્પુરૂષોને ઇશ્વરદત્તપણે અંતઃકરણમાં સ્ફુરે છે અને તે સત્પુરૂષો સર્વ જનના હિતને અર્થે લખી ગયા છે; દાખલા તરીકે આપણા ચાર વેદ ઇશ્વરોક્ત કાયદો છે. પણ તેના ઉપર એ આશંકા છે કે મુસલમાનો પોતાના કુરાનને માટે તેમજ કહેછે તેમજ ક્રીશ્ચીઅનો પોતાના બાઇબલ અને યાહુદીઓ પોતાના બાઇબલ અને તેમજ ગ્રીક લોકો હોમરના પુસ્તકોને તેજ પ્રમાણે માનેછે. પણ ઉપર કહેલા દરેક ધર્મ પુસ્તકોના મતો ઘણા ભિન્ન અને પરસ્પરવિરોધી છે. અને કદાચ એમ કહેવામાં આવે કે તે બધાં પુસ્તકોનો છેવટ સિદ્ધાંત એક છે, તો તેના ઉપર એમ સવાલ છે કે જો તેમ હતું તો પછી જુદા જુદા દેશમાં સારાનરસાપણાના કેમ ભેદ પડી ગયા? હું તો નથી માનતો કે બધાં એવાં ધર્મ શાસ્ત્રોમાંથી એક સિદ્ધાંત કાઢી શકાય. ખરે! મારી કલ્પનાશક્તિ બહુ બુઠ્ઠી છે—પણ ધારો કે એક સિદ્ધાંત બધાં એવાં ઇશ્વરોક્ત મનાતાં પુસ્તકોમાંથી નીકળ્યો તોપણ હું પુછું છું કે જેને એવાં ઈશ્વરોક્ત પુસ્તકોની ખબર નહોતી એવા અમેરીકન ઇન્ડીઅનો અને બાઈબલ થતા પહેલાના યુરોપના લોકો તથા હાલ જેઓ વેદાદિકને ઈશ્વરોક્ત કાયદો નથી માનતા તે બિચારાઓની શી ગતિ થશે? જે ઇશ્વર પોતાનો કાયદો પોતાના અમુક વ્હાલાઓને દેખાડે અને બીજા હજારો માણસો બિચારાંને કાયદાની અજ્ઞાનતાથી શી રીતે વર્તવું તેની ખબર ન આપે તેવા ઈશ્વરની દયા અને સમદૃષ્ટિને ધન્ય છે! પણ કદાચ એમ કહેવામાં આવશે કે બાઇબલ તથા વેદાદિક ગ્રંથમાં કહેલો

કાયદો અમે ઈશ્વરોક્ત ગણતા નથી અથવા ગણીએ છીએ તોપણ તેજ કાયદો ઇશ્વર સર્વ મનુષ્ય પ્રાણીના અંતઃકરણમાં સાક્ષી રૂપે રહી ઈશ્વરદત્તપણે પ્રકાશ કરેછે. એટલે પછી ઇશ્વરની સમદ્રષ્ટિ અને દયા ઉપરનો આરોપ ઉડી જાયછે. ભલે એમ અમે કબુલ કરીએ, તોપણ ઐતિહાસિક અનુભવ ઉપરથી એમ જણાય છે કે પોતાના અંતઃકરણના સાક્ષીએ કબુલ કરેલા નિયમ પ્રમાણે વર્ત્તનારાઓમાં જુદાં જુદાં ધોરણો જણાય છે એટલુંજ નહી પણ તે પ્રમાણે થયેલી કેટલાકની વર્ત્તણુકને આપણાથી ધિક્કાર્યા વગર ચાલતું નથી. દાખલા તરીકે ધર્માંધ ઝનુની ઓરંગજેબના સાક્ષીએ હિંદુઓને ઘોડાના પગ તળે ચગદી નાખવાનું કબુલ કર્યું અને બ્લડીમેરીના સાક્ષીએ પ્રોટેસ્ટંટોને બાળી નાખવાના કરેલા નિશ્ચયને પ્રતિપાદન કર્યો, પણ હાલ તે કૃત્યોને કોણ નહીં ધિક્કારે ? તોપણ તે કૃત્યોથી ઇશ્વરને પ્રસન્ન કરીશું તેમ ખરાદીલપણાથી તેઓ બંને માનતાં હતાં. માટે અમુક કાર્યની યોગ્યાયોગ્યતા વિષે સાક્ષીએ કરેલા નિશ્ચય પ્રમાણે વર્ત્તતાં જો કે જાણી બુઝીને ખોટું કમ ન થાય તોપણ તે નિશ્ચય પ્રમાણે કરેલાં કૃત્યો યોગ્યજ થાય એમ પણ ન કહેવાય. આ ઠેકાણે એમ કહેવામાં આવશે કે ઓરંગજેબ અને બ્લડીમેરી જેવાં એ આવેશને વશ થઇ અંતઃકરણમાં સ્ફુરતા ઇશ્વરના કાયદાને બરોબર જાણ્યો નહીં અને ભૂલ ખાધી; માટે શાંતપણે વિચાર કર્યો હોત અથવા બીજા સત્પુરૂષોને પૂછ્યું હોય તો ખરો કાયદો જણાત. પણ હજારો અને લાખો માણસોએ તવા રીત વર્તતાં પણ ભૂલો ખાધી છે તે ધર્મને માટે થયેલાં મહાન યુદ્ધોથી જણાય છે. અને લોહીની મહા નદીઓ ચાલ્યા પછી પચાસ વર્ષે પોતપોતાનો ધર્મ સહુકોને પાળવા દેવો એવું સત્ય મહા મોંઘા મૂલ્યે જગતને જણાયું છે. વળી સત્પુરૂષજ કોને કહેવો? કદાચ એમ કેહેવામાં આવશે કે ઇશ્વરના કાયદા પ્રમાણે વર્ત્તે તે. ત્યારે ફરી એનો એજ સવાલ આવ્યો કે તે ઈશ્વરોક્ત કાયદો કયો—અથવા વર્ત્તણુકનો ખરો કાયદો કોને કહેવો. ઇશ્વરોક્ત અને વર્ત્તણુકનો ખરો કાયદો બુદ્ધિએ પ્રમાણ કરેલો તે એકજ છે અથવા તેનું ઐક્ય થવું જોઇએ; કેમકે પોતાની બુદ્ધિએ પ્રમાણ કર્યા વિનાના ઇશ્વરોક્ત કાયદા પ્રમાણે વર્ત્તવાથી પોતે જવાબદાર છે એવો વિચાર (idea of responsibility) સંભવતો નથી અને ખરૂં જોતાં તો બુદ્ધિએ પ્રમાણ કરેલા કાયદાને ઇશ્વરોક્ત માનવાનું સ્વાભાવિક વલણ કેટલાક ઇશ્વર ઉપર આસ્થાવાળા માણસોમાં હોય છે. પણ બ્રાડલો જેવા નાસ્તિકો પણ કર્ત્તવ્યને માને છે. માટે સર્વ માન્ય કાયદો કીયો ? કદાચ એમ કહેવામાં આવશે કે જે વર્ત્તણુકથી જીંદગીનું ભલું થાય તે કાયદો સર્વમાન્ય હોવો જોઇએ. પણ જીંદગીનું ભલું કોઇ દ્રવ્યમાં, કોઇ કીર્ત્તિમાં, કોઈ પુત્રાદિક અનેક પદાર્થોમાં માને છે—પ-

ણુ કદાચ એમ કહેવામાં આવશે કે તે પદાર્થોમાં આત્યંતિક ભલું રહ્યું નથી, કેમકે તે બધાં તો સાધનભૂત છે અને તે પણુ નાશવંત; પણુ આત્યંતિક ભલું તેને કહેવું કે જે સાધ્ય છે અને જે પોતે સાધન નથી. તો પણુ સવાલ તો હજી રહેશેજ કે તે આત્યંતિક ભલું તે કયું અથવા શામાં સમાયલું છે. કદાચ એમ કહેવામાં આવશે કે તે આત્યંતિક ભલું સત્ય, સૌંદર્ય, સ્વતંત્રતા વગેરેમાં રહ્યું છે. પણુ તેમનો વિરોધ કદાચ સંભવે અને તેઓ દુઃખકર થઇ પડે ત્યારે તેઓ ઈચ્છવા યોગ્ય છે? કદાચ એમ કહેવામાં આવશે કે સુખ અથવા દુઃખનો નાશ એ આત્યંતિક ભલું છે. ભલે તે ધોરણુ સ્વીકારીએ—અને તેના આધારથી ઇંદ્રિયોના હેતુઓના પરસ્પર વિરોધો શમાવીએ. ખરે! આપણે ભૂલ ખાધી; કેમકે પ્રથમથીજ સુધારાવાળાઓ તેમજ તે લખનાર સ્ત્રીની જીંદગીનો છેવટનો હેતુ સુખ માને છે. તકરાર ફક્ત એટલીજ હતી કે તે કઇ સ્થિતિથી વધારે પ્રાપ્ત થાય. સુધારાવાળા સ્ત્રીપુરૂષોના સમાન હકમાં સુખ બતાવે છે. અને તે લખનાર શાસ્ત્રોક્ત સ્વરૂપની સ્થિતિથી વધારે થશે એમ બતાવે છે. ઠીક ત્યારે, વર્ત્તનારનું વધારેમાં વધારે સુખ જે રીતે થાય તે રીતે વર્ત્તવું એ ધોરણુને આપણે સ્વીકારીએ. આ ઠેકાણે સુખમાં ઉંચ નીચના ગુણવાચક ભેદ દાખલ કરવા જોઈએ નહીં કેમકે સુધારાવાળા કહેશે કે અમારી સ્થિતિથી ઉંચા પ્રકારનું સુખ મળશે અને તેમજ તે લખનાર પણુ પોતાની ઉચ્ચ ભાવનાથી ઉચ્ચ પ્રકારનું સુખ મળશે એમ કહેશે; માટે કઇ સ્થિતિથી વધારેમાં વધારે એટલે સંખ્યાવાચક ધોરણુથી આ સવાલનો નિર્ણય થઇ શકે તેમ છે. હવે સુખ એટલે શું એ સવાલ બાજુએ મુકી આટલું તો અવશ્ય માનવું પડે છે કે સુખના અનુભવની તુલના કરનાર તે ભોક્તાજ છે; ત્યારે હવે તેને શાથી સુખ થશે તે બાબતનો વિચાર કરતાં તેનો પોતાનો અનુભવ તેમજ દુનીઆનો અનુભવ સાથે મેળવીએ તોપણુ તેનું એક શાસ્ત્ર બનાવવું એ અસંભવિત જેવું છે કેમકે દરેક માણસનાં શરીર અને માનસિક બંધારણુ જુદાં જુદાં હોવાથી લાગણીઓમાં ઘણા ભેદ પડી જાય છે. અને તેથીજ 'સુખ' એ એકજ ધોરણુથી વર્ત્તતાં જુદાં જુદાં માણુસો જુદી જુદી વર્ત્તણુકો ચલાવે છે એટલે ઇંદ્રિયો વચ્ચે ઉત્પન્ન થતા વિરોધો જુદાં જુદાં સ્ત્રી પુરૂષો જુદી જુદી રીતે શમાવે છે. સાધુ થઈ જતા પુરૂષોએ અને મીરાંબાઇ જેવી સ્ત્રીઓએ પોતાની ઉત્પત્તિ–ઇંદ્રિયોના હેતુ નિષ્ફળ કરી તેમજ બીજા સાંસારિક સુખોનો ત્યાગ કરી ઇશ્વરપરાયણુ જીંદગીમાં સુખ દીઠું. મહાત્મા બુદ્ધે છોકરાં ઉત્પન્ન કરી વ્યવહાર ચલાવવો મુકી દઈ વનમાં તપ કરવામાં સુખ દીઠું અને જ્યોર્જ વોશીંગટન અને બૅંજામીન ફ્રૅંકલીને દેશની ઉન્નતિ કરવામાં સુખ દીઠું. અને કેટ-

લીક વિધવાઓને ફરી પરણી સંસાર ચલાવવામાં સુખ જણાય તો કેમ કરવું? ઉપલાં દૃષ્ટાંતોથી એટલું તો જણાય છે કે અમુક વર્ત્તણુકથી અમુક સ્ત્રી વા પુરૂષને સુખ થશે કે નહીં તેનો નિર્ણય હમેશાં અગાઉથી પરોક્ષ માણસોને કરવા ઘણો મુશ્કેલ છે કેમકે તેની લાગણી શક્તિઓ કેવી છે તે જાણવું મુશ્કેલ છે અને લાગણી શક્તિઓમાં અનેક ફેરફાર જુદી જુદી સ્થિતિને લીધે થાય છે. માટે, અમુક સ્થિતિથી સર્વ કોઇ મનુષ્ય પ્રાણીને વધારેમાં વધારે સુખ તેની જીંદગીમાં થશે કે નહીં તે કહેવું મુશ્કેલ છે. માટે શાસ્ત્રોક્ત સ્થિતિથી બધી સ્ત્રીઓને વધારેમાં વધારે સુખ થશે જ એમ કેમ કહી શકાય? ખરે "અનુભવ સમાન કોઇ શિક્ષક નથી" તે વાત કબુલ કરીએ તોપણ આ બાબતમાં આખી દુનીઆનો અનુભવ મેળવીએ તોપણ દરેક માણસને એક અમુક સ્થિતિથી સુખ થશેજ એવું શાસ્ત્ર બાંધવું હાલ પણ મુશ્કેલ છે તો પછી પ્રાચીન જમાનામાં જે વખત આજના કરતાં થોડો અનુભવ હતો તે વખતે બાંધવું ક્યાંથીજ સંભવે અને બાંધ્યું હોય તો પણ વધારે અનુભવથી તેમાં કેમ ફેરફાર ન થઇ શકે! કદાચ એમ કહેવામાં આવશે કે ત્યારે સુધારાવાળાએ કહેલા સ્ત્રીપુરૂષના સમાન હકથી પણ સર્વ સ્ત્રીઓને સુખ થશે એમ કેમ કહી શકાય? ખરે તેમ આપણાથી કહેવાતું નથી; તોપણ **નહીં જ** થાય એમ પણ કેમ કહેવાય? વળી ઉંડો વિચાર કરી સમાન હકનો અર્થ તપાસીશું તો ગમે તે સ્થિતિથી સુખ મેળવવાનું તે પહેલુંજ પગથીયું છે એમ માલમ પડે છે. ત્યારે સમાન હક્નો અર્થ શું? હું કહુંછું કે સુધારાવાળાઓએ કોઈ ઠેકાણે સ્પષ્ટ ન કહ્યું હોય તોપણ સમાન હકનો અર્થ તેઓએ એટલો જ કર્યો હોવો જોઇએ કે પોતાની ઇંદ્રિયોના હેતુ પાર પાડવા અથવા ન પાડવા અથવા કેટલે દરજ્જે અને કેવી રીતે પાર પાડવા તે બાબતમાં પોતાના પંડને વધારેમાં વધારે સુખ થાય એ ધોરણથી વર્ત્તવામાં ખરૂં ખોટું પારખવાને માટે સરખી શકિતવાળાં સ્ત્રીપુરૂષોને સમાન સ્વતંત્રતા. આ સમાન હક અસંભવિત નથી એ દેખીતું છે. તેમજ પોતાની ઇંદ્રિયોના સુખના ધોરણથી નિયમ કરવામાં જેટલી પુરૂષને સ્વતંત્રતા છે તેટલી આપણા લોકમાં સ્ત્રીઓને નથી એ દેખીતું છે. દાખલા તરીકે જો કોઇ પુરૂષને ફરી પરણવામાં સુખ જણાય તો તેમ કરવા દેવાય છે પણ કોઈ બાળવિધવાને તેમ જણાય તો તેમ કરવા દેવામાં આવતું નથી. તેમજ કોઇ પુરૂષને જાહેરાતમાં ભાષણ આપ્યાથી અથવા કોંગ્રેસ જેવા મેળાવડામાં દાખલ થવાથી સુખ જણાય તો તેને તેમ કરવા દઇએ છીએ, પણ સ્ત્રીને જો તેવીજ બાબતમાં સુખ જણાય તો તેમ કરવા દેતા નથી. પણ ગમે તે વર્તણુકથી ગમે તે માણસને સુખ થતું હોય તો તેમ કરવા દેવામાં ખરૂં ખોટું પારખવાને સર-

ખી શક્તિવાળાં સ્ત્રી પુરૂષને સરખી સ્વતંત્રતા આપવી એ 'સમાનહક' એ સુખ મેળવવાનું પ્રથમજ સાધન છે. પણ આ ઠેકાણે કદાચ એમ કહેવામાં આવશે કે એવી સ્વતંત્રતા આપ્યાથી એકંદરે જનસમૂહને દુઃખ થાય. પણ જો જવાબ દેનારે એમ યાદ રાખવું જોઈએ કે "દરેક માણસે પોતાની ઇંદ્રિયોનો નિગમ પોતાને વધારેમાં વધારે સુખ થાય તે રીતે કરવો યોગ્ય છે" એ ધોરણને બાજુએ મુક્યું અને "સર્વ જનસમૂહનું વધારેમાં વધારે સુખ થાય એ કરવું દરેક માણસને યોગ્ય છે" એ બીજું ધોરણ પકડ્યું. પણ ચાલો તે બીજું ધોરણ આપણે કબૂલ રાખીએ અને સુધારાવાળાઓ પણ તે ધોરણ કબૂલ રાખે છે એમ આપણે માનીએ. વળી બીજું પણ એમ ગ્રહણ કરીએ કે દરેક માણસ સ્ત્રી વા પુરૂષ પોતાના એકલાનું વધારેમાં વધારે સુખ પોતાને જે વ્યાજબી રીતે નક્કી જણાય તે સામાન્ય જનસમૂહના સુખના વધારાને માટે (જો તેની સાથે વિરોધ થાય તો) અર્પણ કરવાને તૈયાર છે. તોપણ સર્વ જનસમૂહનું વધારેમાં વધારે સુખ જેથી થાય તે ધોરણ પ્રમાણે વર્ત્તતાં ખરૂં ખોટું પારખવાને સરખી શક્તિવાળાં સ્ત્રી પુરૂષોને સરખી સ્વતંત્રતા આપવી એ તે મુખ્ય હેતુ પાર પાડવાનું પ્રથમજ સાધન છે. ખરૂં જોતાં કોઇ પણ જીંદગીનો છેવટનો હેતુ પાર પાડવામાં કયાં સાધનોથી તે પાર પડશે એ સંબંધમાં અનુભવે કાંઇ સર્વમાન્ય હુન્નર ઘડયો ન હોય ત્યાં ખરૂં ખોટું પારખવાને સરખી શક્તિવાળાં સ્ત્રી પુરૂષને સરખી સ્વતંત્રા આપવી એ યોગ્યજ જણાય છે. કેમકે જ્યાં સુધી કોઇ હુન્નર સર્વ માન્ય તે બાબતમાં નથી ત્યાં સુધી મતભેદ થવાનો સંભવ છે. માટે અમુક માણસને અથવા અમુક વર્ગને અમુક રીતે વર્ત્યાથી યા વર્તાવ્યાથી એકંદરે જનસમૂહને સુખ થશે કે નહીં તે બાબતમાં મતભેદ હોય તો શું કરવું? સુધારાવાળાઓ કહે છે કે પુરૂષને જેટલી સ્વતંત્રતા છે તેટલી સ્ત્રીને સ્વતંત્રતા—વ્યાજબી સ્વતંત્રતા—એટલે કે સ્ત્રી ધારે કે હું અમુક પ્રકારે વર્ત્તીશ તો આખી દુનીઆને વધારે ફાયદો થશે—અથવા પોતે સંપૂર્ણ વિચાર કરીને કોઈ પણ ધોરણે આ મારૂં કર્ત્તવ્ય છે એમ નક્કી કર્યું હોય તે પ્રમાણે વર્ત્તવા દેવાની સ્વતંત્રતા (moral freedom)—જેમ મનમાં આવે તેમ કરવા દેવાની સ્વતંત્ર્તા નહીં—આપવાથી એકંદરે જનસમૂહને સુખ થશે. દાખલા તરીકે રમાબાઇએ જનસમૂહનું શ્રેય ભાષણો આપી લોકને બોધ કરવામાં પોતાથી વધારી શકાશે એમ માન્યું છે. મુક્તિફોજમાં સંસાર ત્યાગ કરતી સ્ત્રીઓએ ધર્મોપદેશ કરી જનસમૂહનું શ્રેય કરવા ધાર્યું છે—તેમ કેટલીક બાળ વિધવાઓ ફરી લગ્ન કરી સારી પ્રજા ઉછેરવાથી દુનીઆનું ભલું કરી શકીશું એમ માનતી હોય. જો પુરૂષોને પોતે દુનીઆનું સુખ વધારવાને અમુક કરવું યોગ્ય ધાર્યું હોય તો તેમ કરવા દેવાની સ્વતંત્રતા હોય

તો સ્ત્રીઓને શા માટે નહીં? અલબત, કોઇ પણ મનુષ્ય પ્રાણીએ દુનીઆનું ભલું અમુક તેની વર્તણુકથી થશે એમ નિશ્ચય કર્યો હોય તે કદાચ ખોટો હોય, તોપણ તે બાબત ખરૂં ખોટું પારખવાને માટે સરખી શક્તિવાળાં સ્ત્રી પુરૂષોને સરખી રીતે લાગુ પડેછે. તે ભૂલ સુધારી તમે માનતા હો તે ખરો નિશ્ચય તેને સમજાવવા પ્રયત્ન કરો તોપણ તે માણસની ખાત્રી ન થાય ત્યારે શું કરવું? કદાચ તે તમારામાંજ ભૂલ સમજતો હોય તો! અલબત, moral freedomને કેટલીક હદ છે અને તેટલાજ માટે બ્લડીમેરી અને ઔરંગજેબનાં કૃત્યોને આપણે ધિક્કારીશું. તોપણ જે હદ બાંધવામાં આવે તે ખરૂં ખોટું પારખાવાને સરખી શકિતવાળાં મનુષ્ય પ્રાણીને-સ્ત્રી વા પુરૂષને માટે એક હોવી જોઇએ. કારણ કે જો કે સ્ત્રી પુરૂષની કેટલીક ઇંદ્રિયો જુદી છે તોપણ કર્તવ્યના વિશ્વાસથી પ્રવૃત્તિ કરનાર (Moral Agent) તરીકે તેઓ સરખાં છે. માટે સમાન હક એનો અર્થ સુધારાવાળાઓ પોતાને વિશ્વાસથી કર્ત્તવ્ય લાગે તે કરવા દેવાની સરખી સ્વતંત્રતા (equality of moral freedom) એટલોજ કરેછે. જો હવે આ સમાનહક 'પ્રિયંવદા'માં લખનાર આપણી સ્ત્રીઓ માટે કબુલ રાખતો હોય તો પછી કોઈ સ્ત્રી સ્ત્રીત્વનો હેતુ પાર ન પાડતાં જાહેરાંતમાં ભાષણો આપી લોકનું ભલુ પોતે સર્વોત્તમ રીતે કરી શકશે એમ માનતી હોય અથવા કોઈ પુરૂષ સાધુ થઈ જઇ ધર્મોપદેશ કરવામાં લોકનું ભલું પોતાથી વધારી શકાશે એમ માનતો હોય અને બન્નેને ખરૂં ખોટું પારખવાની શક્તિ સરખી હોય તો જો પુરૂષને તેમ કરવા દેવામાં આવે તો સ્ત્રીને શા માટે નહીં! સ્ત્રી સ્ત્રીત્વના હેતુનો તેમજ પુરૂષ પુરૂષત્વના હેતુનો ભંગ કરવા તૈયાર થયો છે; ઇનસાફ એમ માગેછે કે એકજ જાતની બાબતમાં -અથવા મુખ્ય હકીકતમાં મળતી આવતી બાબતમાં એકજ નિર્ણય થવો જોઇએ. વળી કેટલીક સામાન્ય પરણેલી સ્ત્રીઓ એમ માનતી હોય કે છોકરાં થોડાં ઉત્પન્ન કરી બીજી શક્તિઓ કેળવવાથી, યા દેશોન્નતિ માટે કોંગ્રેસ જેવા મેળાવડામાં દાખલ થવાથી લોકનું ભલું પોતે કરી શકે તેમ છે તેમજ પરણેલા કેટલાક પુરૂષો નિર્વાહ જેટલું ઉપાર્જન કરી વિદ્યાથી કે કોંગ્રેસ જેવા મેળાવડામાં દાખલ થવાથી લોકનું ભલું પોતે કરી શકશે એમ માનતા હોય તો એકને જે કરવા દઇએ તે બીજાને શા માટે નહીં? વળી કોઇ કુમારિકા વીસ યા પચીસ વરસની થાય ત્યાં સુધી વિદ્યાભ્યાસ કરી યુનીવરસીટીની પરીક્ષાઓ પસાર કરી વિદ્વાન થયા પછી લગ્ન કરવા ઇચ્છતી હોય અને તેમજ એક છોકરો ઈચ્છતો હોય તો બન્નેની બાબતમાં એકજ નિર્ણય શા માટે ન આપવો જોઈએ? પણ આતો છોકરીઓને તેવી સમજણ આવતાં પહેલાં એટલે પોતે વિદ્વાન થઇ લોકનું ભલુ કરી શકશે કે નહીં તેનો વિચાર કરવાની અથવા સમજવાની શક્તિ આવતા પહેલાંજ રજસ્વલા થઇ એટલે લાગલી જ

સંસારમાં જોડી દેવી એવો રીવાજ આપણા લોકમાં ચાલે છે. વળી કોઈ બાળવિધવા પરણીને રૂડો સંસાર ચલાવવાથી લોકનું ભલું પોતે કરશે એમ માનતી હોય તેમજ કોઈ વાંઢો વા રાંડેલો તેમ માનતો હોય તો બન્નેને તેમ કરવા દેવામાં શી હરકત? તોપણ આપણો રીવાજ એવો છે કે રાંડયો પરણે પણ રાંડી ન પરણે. આ ઠેકાણે તે લખનાર કદાચ એમ કહેશે કે લગ્નનું બંધારણ પ્રેમ છે, માટે તે એક અને અખંડિત હોવો જોઇએ અને તેથી પુનર્વિવાહ સ્ત્રી તેમજ પુરૂષ કોઈને સંભવતો નથી. પણ તેના ઉપર એ આશંકા છે કે એક પ્રેમી નાશ પામ્યા પછી બીજો પ્રેમી ન કર્યાથી હૃદયના વિસ્તારમાં શું ખામી નથી આવતી? અને ખરી રીતે જોતાં તો એકજ વખતે એકજ સ્ત્રી અથવા પુરૂષ ઘણાં સ્ત્રી પુરૂષો ઉપર પ્રેમ ન કરી શકે? અને જો ધણી અથવા ધણીઆણીની હયાતીમાંજ બીજાં એવાં મિત્રયુગ્મ થઈ શકે ત્યારે પ્રેમની એકતા ક્યાં રહી? અને 'આત્મવત્ સર્વ ભૂતેષુ. એ પ્રેમનો છેલ્લો અંત જો પ્રેમને એકજ વસ્તુ ઉપર ઠરાવવો હોય તો સંભવતો નથી. (પણ આ પ્રેમનું તત્ત્વ અને લગ્નની બાબતમાં કેવો પ્રેમ ઘટે છે તેનો વિચાર હવે પછી કરવામાં આવશે).

ઉપલા બધા દૃષ્ટાંતોમાં કદાચ 'પ્રિયંવદા'માં લખનાર એમ કહેશે કે તેઓ બધાં ભૂલ ખાયછે અને તેમના તેમ કર્યાથી લોકનું ભલું થાયછે એમ નથી: તો એના ઉપર એ આશંકા છે કે વર્તનારે કરેલા નિશ્ચયની જોડે કેટલાક સુજ્ઞ વિચારી માણસના મત મળતા હોય તો તેને તેના નિશ્ચય વિરૂદ્ધ વર્તાવ્યાથી શું માઠાં પરિણામ નહીં થાય? અને જ્યારે અમુક વર્તણુકથી લોકને લાભ થશે કે નહીં તે બાબતમાં સુજ્ઞ વિચારીઓમાંજ મત ભેદ હોય ત્યારે તે શંકાનો લાભ તે વર્તનારને કેમ ન આપવો? ખરૂં છે કે કોઇપણ માણસના તેવા કરેલા નિશ્ચયની વિરૂદ્ધ જ્યારે ઘણા ખરા સુજ્ઞ વિચારી માણસના મત હોય ત્યારે કોઈ પણ નિર્ણય કરવો એ બહુ ભય ભરેલું લાગે છે.

આ બધા ચર્ચાપત્રનો સાર કાઢી તે 'પ્રિયંવદા'માં લખનારને હું પ્રશ્ન પુછું છું:

(૧) "સર્વ જનસમૂહનું વધારેમાં વધારે સુખ જે રીતે થાય તે રીતે વર્તવું" એ ધોરણને ઇંદ્રિયોતા હેતુ પાર પાડવામાં તે માન્ય કરે છે કે નહીં? અને જો તે માન્ય કરે તો તે ધોરણને અનુસરીને વર્તતાં ખરૂં ખોટું પારખવાને સરખી શક્તિવાળાં સ્ત્રી પુરૂષને સમાન સ્વતંત્રતા આપવી યોગ્ય છે કે નહીં?—અમુક કર્તવ્ય છે એવા વિશ્વાસવાળાંને તેમાં પ્રવૃત્તિ કરવાની સરખી સ્વતંત્રતા આપતાં એ સ્વતંત્રતાની હદ સરખી રીતે જ બંધાવવાની (Equality of moral freeden of course implying equality of

limitations)-અને જો યોગ્ય હોય તો આપણી હિંદુ સ્ત્રીઓને અપાય છે કે નહીં?

(૨) એક હાલની સામાન્ય ગુજરાતી હિંદુ સ્ત્રીની ખરૂં ખોટું પારખવાની શક્તિ એક સામાન્ય હિંદુ ગુજરાતી પુરૂષના જેટલી છે કે ઓછી છે કે વધારે છે?

સરખી હોય તો એ શક્તિના અનુમાને થયેલા વિશ્વાસ મુજબ વર્તવાની સ્વતંત્રતા (moral freedom) સરખી આપવી જોઇએ કે નહીં કે અપાય છે કે નહીં? અને ન અપાતી હોય તો કઇ બાબતમાં નથી અપાતી?

વધારે હોય તો તે વિષયની વધારે સ્વતંત્રતા (moral freedom) આપવી જોઇએ કે નહીં? અને અપાય છે કે નહીં?

અને ઓછી હોય તો વધારવાની જરૂર છે કે નહીં? અને કર્તવ્ય બાબતમાં ખરૂં ખોટું પારખવાની શક્તિ (moral insight) ઓછી હોય અને તેનો લાભ લઇને કર્તવ્યવિશ્વાસ પ્રમાણે વર્તવાની સ્વતંત્રતા (moral freedom) ઓછી આપવામાં આવી હોય તો (જેમ રોગીઓ પોતાનું દરદ નથી જાણતા તેમ) તેમને સદ્‌ભાવના ઉલ્લાસ વિષેની ગુલામગીરી (moral slavery) માં એટલે આફ્રીકાના ગુલામોની શારીરિક ગુલામગીરી (physical slavery) કરતાં પણ ખરાબ દશામાં રાખી ગણાય કે નહી? અને જો એમ કહેવામાં આવે કે તેવી ગુલામગીરિ હતી તો આફ્રીકાના ગુલામો જેમ એકઠા મળી ધણીની સાથે તોફાન કરે છે તેમ કેમ કોઈ આર્ય નારીએ પતિનો ધ્વંસ કર્યો નથી તો તેનો જવાબ–શારીરિક ગુલામગીરી (physical slavery) કરતાં જો કે ભાવનાના વિકાસ બાબતની ગુલામગીરી (moral slavery) ઘણી ગેરફાયદાકારક છે તોપણ તેનું દેખીતું તાત્કાલિક કાંઇ દૈહિક દુઃખ નથી એટલુંજ નહીં પણ moral slavery માં છે એવી તેને ખબર પણ પડતી નથી—એ—તથા અબળા છતાંએ મીરાંબાઈએ પતિનો ત્યાગ કરી ઇશ્વરપરાયણ જીંદગી ગાળી એવો આપી શકાય કે નહીં?

ઉપલા સમાન હકના સબંધમાં કદાચ એમ કહેવામાં આવશે કે તે અમારે માન્ય છે અને 'ચર્વિત ચર્વણ પિષ્ટ પેષણ' છે—પણ તે સમાન હક ઉપરથી એવું નથી નીકળતું કે પુરૂષો જે જે ક્રિયા કરે તે સ્ત્રીઓએ કરવી; કેમકે સ્ત્રીઓને ગર્ભ ધારણ કરવાનો છે માટે પુરૂષોના જેવા વેપારો નોકરી વગેરે તેમનાથી ન થઇ શકે: તો તે શંકાનું નિરાકરણ સમાન હકમાંજ થઈ જાય છે, એટલે કે સ્ત્રીઓ પોતાની શક્તિને અનુસારે પોતાનો moral freedom—કર્તવ્યવિશ્વાસ પ્રમાણે વર્તવાની સ્વતંત્રતા–કયા કાર્યોમાં વાપરશે તે આપણે પહેલેથી નક્કી કરવું જોઇએ નહીં કેમકે ગર્ભ ધારણ કરવો

કે નહીં, લગ્ન કરવું કે નહીં, અને કર્યા પછી પ્રજા-ઉત્પત્તિમાં કેટલો કાળ કાઢવો અને બીજી જીંદગીમાં કેટલો કાળ કાઢવો: વગેરે વગેરે સવાલોનું નિરાકરણજ તે ધોરણ પ્રમાણે વર્તવામાં આવેલા સમાન હકમાં સમાયલું છે. તદપિ ઉપલા પ્રશ્નોના જવાબ મળ્યા પછી સ્ત્રીઓના ખાસ હેતુ કેટલે દરજ્જે પાર પાડવા અને તેમને ઉચિત બીજી કઇ કઇ ક્રિયા પુરૂષોના જેવી હોઇ શકે તેનો નિર્ણય કરીશું. તોપણ એક સહજ શંકા **नारीप्रतिष्ठा**માં કહેલા એક મત ઉપર થાય છે. "ગર્ભવતી સ્ત્રી જેતું રૂપ વખાણતી હશે અથવા કોઇ કારણથી પણ જેને મનમાં લાવ્યાં કરતી હશે તેના જેવું રૂપવાળું તેનું છોકરૂં નીકળશે. આ રીતે સ્ત્રીનું મન બાલકના રૂપ અને ગુણ ઉપર અસર કરી શકે છે."(પા. ૭). હું નથી માનતો કે ગર્ભાવસ્થામાં કરેલા વિચારોની અસર એટલી બધી બાળક ઉપર થતી હોય; તોપણ કદાચ થતી હોય તો દુનીઆમાં તે એક મોટી શોધ ગણાય કેમકે શુરવીરો પેદા કરવા હોય તો ગર્ભવતી સ્ત્રીઓને લડાઇમાં જોડી શુરાતનના વિચારો પેદા કરવા એવું ઉપલા મત ઉપરથી ફળ્યું. દાખલા તરીકે **નેપોલીઅન બોનાપાર્ટ**ની માએ જ્યારે નેપોલીઅન પેટ હતો ત્યારે પોતાના ધણી જોડે લડાઇમાં ખુબ ભાગ લીધો હતો. એટલે ટૂંકામાં જે જે જાતના નરો ઉત્પન્ન કરવા હોય તેવા કામમાં સ્ત્રીઓને ગર્ભિણી હોય તે વેળા પ્રેરવી—એટલે વેપારી કરવા હોય તો વેપારમાં, વગેરે વગેરે.—!!! વગર વિચારે પકડી લીધેલા મતોનાં કેવાં પરિણામો નીકળે છે તેનો આ એક અમૂલ્ય દાખલો છે;—જો કે હું તો ઉપર લખેલા મતને માનતો નથી.

જીજ્ઞાસુ.